# Day to Day Current Affairs

**30. ઓક્ટોબર 2015**

## ૧. ઈન્ડિયા – આફ્રિકા ફોરમ સમિટ – 2015 :

- નવી દિલ્હી ખાતે 26 ઓક્ટોબર થી 29 ઓક્ટોબર દરમિયાન ત્રીજી ઈન્ડિયા – આફ્રિકા ફોરમ સમિટ યોજાઈ.
- આ સમિટમાં આફ્રિકાખંડના 54 દેશોના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી.
- આ સમિટને ભારત – આફ્રિકાના વેપાર સંબધો માટે ઘણી મહત્વની માનવામાં આવે છે.
- સમિટમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી કે ભારત આગામી પાંચ વર્ષ દરમિયાન આફ્રિકાને 10 અબજ ડોલરની કન્સેશનલ ક્રેડિટ (સોફ્ટ લોન) આપશે.
- આ ઉપરાંત 60 કોરડ ડોલરની ગ્રાન્ટ સહાય પણ ઓફર કરાશે, જેમા 10 કોરડ ડોલરનું ઈન્ડિયા – આફ્રિકા ડેવલોપમેન્ટ ફંડ અને 1 કરોડ ડોલરનું ઈન્ડિયા – આફ્રિકા હેલ્થ ફંડ સામેલ હશે તેમજ આગામી પાંચ વર્ષમાં ભારતમાં અપાનારી 50000 સ્કોલરશીપ પણ સમાવિષ્ટ છે.
- ત્રાસવાદ સામે લડવા તેમજ શાંતી અને સુરક્ષાના ક્ષેત્રમાં સહકાર જારી રાખવા ભારત અને આફ્રિકન દેશોએ દિલ્હી ડેક્લેરેશન 2015 અને ઈન્ડિયા – આફ્રિકા ફ્રેમવર્ક સ્ટ્રેટેજિક કોઓપરેશન પર કરાર કર્યા હતા.
- સમિટમાં ભારત અને આફ્રિકન દેશો દર પાંચ વર્ષે IAFS યોજવા સંમત થયા હતા.
-પ્રથમ IAFS એપ્રિલ, 2008 માં દિલ્હી ખાતે યોજાઈ હતી, જેમા 14 આફ્રિકન દેશોના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી.
- બીજી IAFS આફ્રિકન દેશ ઈથોપિયા ની રાજધાની એડીસ અબાડા ખાતે યોજાઈ હતી.

## ૨. INS કાલવારી – સબમરાન :

- દેશમાં બનેલી પહેલી સ્કોર્પિયન ડીઝલ – ઈલેક્ટ્રિક એટેક સબમરીન INS કાલવારીને ટ્રાયલ માટે સમુદ્રમાં ઉતારવામાં આવી.
- આગામી 10 મહિના સુધી તેનો ટ્રાયલ કરવામાં આવશે.
- સપ્ટેમ્બર, 2016 માં તેને નેવીની ફ્લીટમાં સામેલ કરવામાં આવશે.
- આ સ્કોર્પિયન સબમરીન સમુદ્રની નીચે દારૂગોળાની સુરંગ બનાવી શકે છે.
- INS કાલવારી 216 ફુટ લાંબી અને 20 ફુટ પહોળી છે.

## ૩. એશિયા કપ – 2016 : ક્રિકેટ

- આગામી વર્ષે ફેબ્રુઆરી – માર્ચ દરમિયાન યોજાનાર એશિયા કપની યજમાની બાંગ્લાદેશને મળી છે.
- આ સાથે બાંગ્લાદેશને સતત ત્રીજી વખત એશિયા કપની યજમાની માટે પસંદગી કરાઈ છે.
- એશિયા કપ દર બે વર્ષે યોજાય છે જેની શરૂઆત 1984 માં થઈ હતી.
- આ પહેલા બાંગ્લાદેશ 2012 અને 2014 માં યજમાની કરી ચૂક્યુ છે.
- એશિયા કપ દર વખતે વન - ડે ફોર્મેટમાં રમાય છે પરંતુ આગમી વર્શે માર્ચ મહિનામાં ટી – 20 કરાયું છે.
- પાંચ દેશો વચ્ચે રમાતી આ ટૂર્નામેન્ટમાં ટેસ્ટ રમતા ભારત, પાકિસ્તાન, શ્રીલંકા અને બાંગ્લાદેશ ને સીધી એન્ટ્રી મળશે જ્યારે એક એસોસિયેટ દેશની પસંદગી ક્વોલિફાઈંગ ટૂર્નામેન્ટ દ્વારા થશે.
- આ માટે નવેમ્બરમાં ક્વોલિફાઇંગ મુકાબલા યોજાશે. જેમા અફઘાનિસ્તાન, ઓમાન, હોંગકોંગ અને યુઈએની ટીમ 1 સ્થાન માટે ટકરાશે.
- અત્યાર સુધી 122 એશિયા કપ યોજાય છે જેમા 5 – 5 માં ભારત અને શ્રીલંકા અને 2માં પાકિસ્તાન વિજયી રહ્યુ છે.

Vivekanand Academy Gandhinagar